નિયામકશ્રીની કચેરી, ગ્રામ રક્ષક દળ,ગુજરાત રાજય,
હોમગાર્ડઝ ભવન, લાલદરવાજા, અમદાવાદ.
scgrd-dcd-ahd@gujarat.gov.in Fax No: (079)25506034 Phone No: (079) 25506021

ક્રમાંક:જીઆરડી/૧૫૮૭/૮૫૩ /૨૦૨૧. તા.૦૭/૧૦/૨૦૨૧

**વિષય**:- ગ્રામ રક્ષક દળ/સાગર રક્ષક દળના માનદ સભ્યોની ખાલી જગ્યાઓ ભરવા બાબત

**સંદર્ભ**:- (૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:-જા.નં.જીઆરડી/૧૫૮૭/૮૪૪/૨૦૨૦ તા.૧૮/૦૫/૨૦૨૦
(૨) ગૃહ વિભાગ ના પત્ર ક્રમાંક:હગદ/૧૦૨૦૨૧/૧૨૦૨/ફ સચિવાલય,ગાંધીનગર તા.૨૧/૦૯/૨૦૨૧
(૩) ગૃહ વિભાગના ઠરાવ નંબર:ગરદ-૧૦૮૭-૩૧૦૦(૧)-ફ સચિવાલય,ગાંધીનગર તા.૦૮/૦૮/૧૯૮૮

ઉપરોક્ત સંદર્ભ-૨ અન્વયે જણાવવાનું કે ગ્રામ રક્ષક દળ/સાગર રક્ષક દળ ની ખાલી રહેલ ૯૯૦૨ જગ્યાઓ આગામી ૧૦૦ દિવસમાં ભરવા અંગે સરકારશ્રીના ગૃહ વિભાગ તરફથી સુચના આપવામાં આવેલ છે.

૨/- સરકારશ્રીના ગૃહ વિભાગના ઉપરોક્ત સંદર્ભ-૩ વાળા ઠરાવથી ગ્રામ રક્ષક દળને લગત તમામ વહીવટી બાબત કમાન્ડન્ટ જનરલ શ્રી ગૃહ રક્ષક દળ, ગુજરાત રાજયના નિયંત્રણ હેઠળ રાખવામાં આવેલ અને પોલીસ અધિક્ષકને કચેરીના વડા તથા કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડઝ, ગુજરાત રાજય નાઓને ખાતાના વડા તરીકે ઠરાવવામાં આવેલ.

૩/- રાજ્યના વિવિધ જીલ્લાઓમાં ગ્રામ રક્ષક દળ/સાગર રક્ષક દળનું મંજુર મહેકમની વિગત દર્શાવતુ પત્રક આ સાથે સામેલ છે. (Annexure-A) પોલીસ અધિક્ષકશ્રી નાઓએ ગુજરાત પોલીસ એક્ટ-૧૯૫૧ (સુધારો-૨૦૧૨)ની કલમ ૬૩ (બી) થી મળેલ સત્તાની રૂએ તથા ગુજરાત પોલીસ મેન્યુઅલ ૧૯૫૭ ભાગ-૩ના નિયમ ૫૪૪ થી ૫૪૮ની જોગવાઈ મુજબ ભરતી પ્રક્રિયા સત્વરે પુર્ણ કરવાની રહેશે.

૪/- ગ્રામ રક્ષક દળ/સાગર રક્ષક દળમાં શારીરીક તથા માનસીક સશક્ત હોય અને ગામડાઓમાં રહેતાં હોય તેવા ઉમેદવારની પસંદગી કરવાની રહેશે.પસંદ કરેલ ઉમેદવારોને નિમણુંક આપતા પહેલા તેઓની ચારિત્ર્ય તથા ગુન્હાહિત ઇતિહાસની ખાત્રી કરવાની રહેશે. પોલીસ અધિક્ષકશ્રી દ્વારા ગ્રામ રક્ષક દળ/સાગર રક્ષક દળના સભ્યોની ખાલી રહેલ તમામ જગ્યાઓની ભરતી પ્રક્રિયા તા.૩૦.૧૧.૨૦૨૧ સુધીમાં પુર્ણ કરવાની રહેશે.

૫/- ભરતી પ્રક્રિયાની બહોળી પ્રસિધ્ધિ સ્થાનિક અખબાર, જાહેર સ્થળોના નોટીસ બોર્ડ, પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ તથા પોલીસ સ્ટેશનના અધિકારી/કર્મચારી મારફત ગ્રામ્ય વિસ્તારના લોકો સુધી પહોંચાડવાની રહેશે.

૬/- પસંદગી પામેલ ગ્રામ રક્ષક દળ/સાગર રક્ષક દળના સભ્યોને ગુજરાત પોલીસ મેન્યુઅલ ૧૯૫૭ ભાગ-૩ના નિયમ ૫૪૯ થી ૫૫૦ મુજબ તાલીમ આપવાની રહેશે.

૭/- સમગ્ર ભરતી પ્રકિયા પુર્ણ થયાં બાદ Annexure-B મુજબની માહિતી અત્રેની કચેરીને તારીખ ૦૧/૧૨/૨૦૨૧ સુધીમાં મોકલી આપવાની રહેશે.

બિડાણ:- ઉપર મુજબ

(ડૉ.નિરજા ગોટરૂ)

નિયામક

નાગરીક સંરક્ષણ અને ગ્રામ રક્ષક દળ

ગુજરાત રાજય,અમદાવાદ

પ્રતિ,

તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ, ગુજરાત રાજય.

નકલ સવિનય રવાના:-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.

નકલ રવાના:-

૧) પોલીસ મહાનિરીક્ષકશ્રી (તમામ રેન્જ), ગુજરાત રાજય.

૨) સંયુકત નિયામકશ્રી, નાગરિક સંરક્ષણ અને ગ્રામ રક્ષક દળ, ગુ.રા, અમદાવાદ તરફ જાણ સારૂ